ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### દાહોદ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયા પછી તંત્ર સક્રિય થયું

# પીપલોદમાં સરકારી જમીનો પર દબાણ હટાવવા કાર્યવાહીનો આરંભ

**દબાણકારો** સામે કાયદેસરની કાર્યવાહી થશે કે નહીં તે અંગે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે

પીપલોદને સ્માર્ટ વિલેજ તરીકે વિકસાવવા પ્રાથમિકતાઓ નક્કી થઈ હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું





(પ્રતિનિધિ) પીપલોદ, તા.28 દાહોદ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ રવિરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આશરે પાંચ જેટલી મહત્વપૂર્ણ અરજીઓ રજૂ થઈ હતી, જેમાં દબાણ દૂર કરવું, સ્માર્ટ સિટી યોજના હેઠળ બનેલા અદ્યતન સ્મશાનગૃહને કાર્યરત કરવું, જમીનની માપણી કરી હક અપાવવો, જુના નકશા મુજબ જમીન ફાળવણી તથા સરકારી જમીન પર બનેલા શોપિંગ સેન્ટરની માલિકી નક્કી કરવી જેવા મુદ્દાઓ સામેલ હતા. પોલીસ અધિક્ષકશ્રીએ સંબંધિત અધિકારીઓને પ્રાથમિકતા સાથે અને સમયમર્યાદામાં નિરાકરણ લાવવા કડક સૂચના આપી હતી. જિલ્લા સ્તરે મળેલી સૂચનાઓના અનુસંધાને દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામમાં વહેલી સવારે અચાનક વિવિધ વિભાગોના અધિકારીઓ પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી ગયા હતા. બસ સ્ટેન્ડ વિસ્તાર, સરકારી દવાખાના આસપાસ, માતાનો વડ, પડતર જમીન, ખરાબાની જમીન તથા ગૌચર જમીન સહિતના વિસ્તારોમાં નવી ટેકનોલોજી આધારિત સાધનો દ્વારા ડિજિટલ સર્વે હાથ ધરાયો હતો. સરકારી જમીન પર થયેલા સંભવિત દબાણોની પ્રાથમિક ચકાસણી શરૂ થતાં ગામમાં ચકચાર ફેલાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, પીપલોદ ગ્રામ પંચાયતના પૂર્વ ક્લાર્ક કનકભાઈ પ્રતાપભાઈ પટેલે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ગામની સરકારી ગૌચર અને પડતર જમીન પર થયેલા દબાણ અંગે ઓનલાઈન રજૂઆત કરી હતી.

આ રજૂઆતને ગંભીરતાથી લઈ તંત્રે તાત્કાલિક સર્વે શરૂ કર્યો હોવાનું માનવામાં આવે છે. દબાણકારો સામે કાયદેસરની કાર્યવાહી થશે કે નહીં તે અંગે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. આ સાથે જ દાહોદ જિલ્લાના સાંસદ દ્વારા પીપલોદ ગામ દત્તક લેવામાં આવ્યું હોવાની અને તેને સ્માર્ટ વિલેજ તરીકે વિકસાવવા પ્રાથમિકતાઓ નક્કી થઈ હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. જોકે, સર્વે પાછળનું સત્તાવાર કારણ જાહેર ન થતાં ગ્રામજનોમાં અસમંજસતા છે કે આ કાર્યવાહી સ્વાગત કાર્યક્રમની રજૂઆતની અસર છે કે વિકાસ યોજનાનો ભાગ. જે પણ હકીકત હોય, પરંતુ લાંબા સમયથી ચર્ચામાં રહેલા દબાણ અને જમીન સંબંધિત પ્રશ્નો પર તંત્રની અચાનક સક્રિયતા ગામ માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે. ગ્રામજનોમાં આશા વ્યક્ત થઈ રહી છે કે આ કામગીરી કાગળો પૂરતી સીમિત ન રહી, પરંતુ વાસ્તવિક અમલ સુધી પહોંચશે અને પીપલોદ ગામને પારદર્શક અને સુવ્યવસ્થિત વિકાસનો માર્ગ મળશે.

## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ બાકરોલ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો



કાલોલ : ૨૮ ફેબ્રુઆરીએ કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી .વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો મુખ્ય હેતુ શાળાના આચાર્ય દિનેશભાઇ પ્રજાપતિ દ્વારા સમજાવવામાં આવ્યો .૨૮ફેબ્રુઆરીના દિવસે સર સી .વી .રામન દ્વારા પોતાની શોધની જાહેરાત કરવામાં આવી હતી .આ શોધ માટે તેમને વર્ષ ૧૯૩૦માં નોબલ પારિતોષિક આપવામાં આવ્યો હતો .શાળાના શિક્ષકો દ્વારા વિવિધ વિજ્ઞાનની શોધો ,વૈજ્ઞાનિકોના જીવન ચરિત્ર વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા .શાળામાં વિવિધ વૈજ્ઞાનિકો અને તેમની શોધો તેમજ વિજ્ઞાનને લગતા વિવિધ પ્રયોગો ,વિશેષતાઓ આધારિત વિજ્ઞાન કવીઝ ,બાળ વૈજ્ઞાનિક ચિત્રકામનું વિદ્યાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યા હતું .ઉત્સાહપૂર્વક રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનું આયોજન કરવા બદલ શાળાના આચાર્ય દ્વારા શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

### કાલોલની મહર્ષિ વિદ્યાલયમાં ગણિત-વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ



કાલોલ : કાલોલની મહર્ષિ વિદ્યાલય અને મહર્ષિ અંગ્રેજી મીડીયમ શાળાના તેમજ શિક્ષકો દ્વારા ગણિત વિજ્ઞાન દિવસનું આયોજન કરવામાં આવ્યું જેમાં ધોરણ ચાર થી નવના કુલ 110 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો બાળકોના પ્રોજેક્ટ બનાવવામાં શિક્ષકો દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.બાળકોનો પ્રોજેક્ટમાં ચંદ્રયાન ચાર ગ્લોબલ વોર્મિંગ જ્વાળામુખી યુદ્ધ બેન્ક વોટર ફિલ્ટર પવનચક્કી તેમજ નાના બાળકો દ્વારા પોષણ આહારનો પ્રોજેક્ટ અને ગણિત વિષય આધારિત ગણિત મેજિક બોક્સ તૈયાર કરવામાં આવી હતી પ્રોજેક્ટ માટેની તમામ વસ્તુઓ ઘરમાંથી ઉપલબ્ધ થઈ તે પ્રકારની હતી અને તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમને સફળ બનાવનાર તમામ વિદ્યાર્થીઓ અને ગુરુજનો શાળા પરિવાર એ આભાર માન્યો હતો.

### ભાદરોલી ખુર્દ ગામે સરકારી પાણીનો બોર મુકવા બાબતે મારામારી, વેજલપુર પોલીસ મથકે ફરિયાદ

કાલોલ : ભાદરોલી ખુર્દ ગામે સરકારી પાણીનો બોર મુકવા બાબતે મારા મારી થતા વેજલપુર પોલીસ મથકે ફરિયાદ ફરીયાદી જયદિપસિંહ અજબસિંહ પરમાર ફળિયામાં સરકારી પાણીનો બોર આવતા બોર કરવાની ગાડીઓ ભારમલસિંહ લક્ષ્મણસિંહ પરમારના ઘરની સામે રસ્તા ઉપર ઉભી રખાવેલ તે વખતે આરોપી મહેશસિંહ ઉર્ફે જાડો રમણસિંહ પરમાર એ પાણીનો બોર બનાવવાની ના પાડતાં ફરીયાદી જયદિપસિંહ અજબસિંહ પરમાર આરોપી મહેશસિંહ ઉર્ફે જાડો રમણસિંહ પરમાર ને સમજાવા જતા આરોપી ગાળો બોલી કહેતો હતો કે પાણીનો બોર તમારી બાજુ મુકવા નહિ દવ તમારા થી થાય તે કરી લો તેમ કહી આરોપી ઉશ્કેરાઇ જઇ બધાને મા-બેન સમાણી ગાળો બોલી તેઓના હાથમાંની લાકડી ફરિયાદી ના નાના ભાઇ સંજયને ડાબા ખભા ઉપર તથા જમણા હાથના બાવડા ઉપર મારી દીધેલ તે વખતે ફરિયાદી ની માતા વીણાબેન છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ શરીરે પીઠના ભાગે તથા કમરના ભાગે લાકડી મારી દીધેલ અને તેની વધારે બુમાબુમ થતાં ફરિયાદી મોટા કાકા તખતસિંહ કાભસિંહ પરમારનાઓ છોડાવવા વચ્ચે પડતાં તેઓને પણ આ મહેશસિંહ નાએ તેના હાથમાંની લાકડી શરીરે હાથે પગે અને કાનમાં લાકડી મારતા ઈજા કરી ફરીયાદી સહિત તમામ ને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જાહેરનામાનો ભંગ કરતા વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વેજલપુર પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ટીંબાગામ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી




(પ્રતિનિધિ) કાલોલ,તા.28 ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતના મહાન વૈજ્ઞાનિક સી. વી. રામન દ્વારા શોધાયેલા રામન પ્રભાવ (Raman Effect)ની યાદમાં ઉજવાય છે. આ શોધ માટે તેમને 1930માં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. વિજ્ઞાન આપણા જીવનનો અગત્યનો ભાગ છે. સવારથી સાંજ સુધી આપણે જે મોબાઈલ, વીજળી, વાહન, દવાઓ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરીએ છીએ, તે બધું વિજ્ઞાનની ભેટ છે. વિજ્ઞાન માત્ર પ્રયોગશાળા સુધી મર્યાદિત નથી, પરંતુ આપણા રોજિંદા જીવનમાં પણ તેનો ઉપયોગ થાય છે. વિજ્ઞાન આપણને તર્કશક્તિ, નવી શોધ અને નવીનતા તરફ પ્રેરણા આપે છે. આજના યુગમાં ભારત અવકાશ ક્ષેત્રે પણ આગળ વધી રહ્યું છે. ઈસરો દ્વારા ચંદ્ર અને મંગળ પર સફળ મિશન મોકલવામાં આવ્યા છે, જે આપણા દેશ માટે ગૌરવની બાબત છે. વિદ્યાર્થી તરીકે આપણું કર્તવ્ય છે કે આપણે વિજ્ઞાન પ્રત્યે રસ રાખીએ, પ્રશ્નો પૂછીએ અને નવી વસ્તુઓ શીખવાની ઉત્સુકતા રાખીએ. કારણ કે આજના વિદ્યાર્થીઓ જ આવતીકાલના વૈજ્ઞાનિક બનશે.

આજના આ પાવન દિને પંચમહાલ જિલ્લાની ગોધરા તાલુકાની ટીંબાગામ પ્રાથમિક શાળામાં બે દિવસીય વિજ્ઞાન દિન ની ઉજવણી કરવામાં આવી જેમાં ગઈકાલે ધોરણ 1 થી 8 ના 75 વિદ્યાર્થીઓએ વિજ્ઞાન ને લગતા વિવિધ પ્રોજેક્ટ બનાવી રજૂ કર્યા હતા બાળકોની શક્તિ ને ખરેખર વંદન છે ખુબજ અદભુત પ્રયોગોનું નિર્માણ કર્યું હતું. જ્યારે આજરોજ ભારતનાં વૈજ્ઞાનિકો અને એમને કરેલ વિવિધ પ્રયોગોની જાણકારી બાળકો દ્વારા આપવામાં આવી અને ત્યાર બાદ કવિઝ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું આ સ્પર્ધામાં કુલ છ ગ્રુપમાં ધોરણ 6 થી 8 ના બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો કવિઝ ના અંતે સુનિતા વિલિયમ્સ ગ્રુપ વિજેતા બન્યું હતું.

### 3 માર્ચે સવારે 6 વાગ્યા બાદ મંદિર આખો દિવસ રહેશે બંધ

# પાવાગઢ મહાકાળી મંદિરે 2 માર્ચે હોલિકા દહન, ચંદ્રગ્રહણને લઈ દર્શન સમયમાં ફેરફાર

4 માર્ચથી ફરી નિયમિત સમયસર દર્શન શરૂ



(પ્રતિનિધિ) હાલોલ, તા.28 સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ મહાકાળી મંદિરમાં પરંપરા મુજબ આ વર્ષે પણ હોલિકા દહનનું આયોજન કરવામાં આવ્યું છે.

પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર 2 માર્ચના રોજ સાંજે 6:00 કલાકે શ્રી મહાકાળી માતાજીના નિજમંદિર ખાતે હોલિકા પ્રગટાવવામાં આવશે. પાવાગઢમાં હોલી પ્રગટ્યા બાદ આજુબાજુના ગામોમાં હોલી પ્રગટાવવાની વર્ષોથી ચાલી આવતી પરંપરા યથાવત રહેશે.

3 માર્ચના રોજ પૂનમ તથા ચંદ્રગ્રહણ હોવાના કારણે મંદિરના દર્શન સમયમાં વિશેષ ફેરફાર કરવામાં આવ્યો છે. પાવાગઢ મંદિર ખાતે સવારે 5:00 કલાકે આરતી કરવામાં આવશે અને સવારે 6:00 વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે મંદિરના દ્વાર ખુલ્લા રહેશે. ત્યારબાદ ચંદ્રગ્રહણને પગલે આખો દિવસ મંદિર બંધ રાખવામાં આવશે.

મંદિર ટ્રસ્ટ દ્વારા વધુમાં જણાવાયું છે કે 4 માર્ચના રોજ મંદિરના દ્વાર ફરીથી રાબેતા મુજબ દર્શનાર્થીઓ માટે ખુલ્લા મુકાશે. ટ્રસ્ટે તમામ શ્રદ્ધાળુઓને જાહેરનામું ધ્યાનમાં રાખી દર્શન આયોજન કરવા અપીલ કરી છે.

### બળજબરી પૂર્વક તેના ખિસ્સામાંથી રૂપિયા ૨૭૦૦/-ની રોકડ કાઢી લીધી

# દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીની અદાવતમાં એક વ્યક્તિ પર હિંસક હુમલો

(પ્રતિનિધિ) દાહોદ, તા.28 સુખસર ગામે સંતરામપુર રોડ પર આવેલ કિશોર ઓર્થોપેડિક હોસ્પિટલ આગળ ગત ગ્રામ પંચાયતની ચૂંટણીની અદાવત રાખી પૂર્વ આયોજિત કાવતરું ઘડી મારક હથિયારો લઇ સ્વીફ્ટ ગાડી તેમજ મોટરસાયકક્લ પર આવેલ છ જણાં પૈકી એકે લોખંડની પાઈપ મારી એકને ગંભીર ઈજા પહોંચાડી તેના શર્ટ ના ખિસ્સામાંથી બળજબરી પૂર્વક રૂપિયા ૨૭૦૦/- ની રોકડ ગાડી લઈ તથા અન્યએ લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ કરી તથા જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી ધીંગાણું મચાવ્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર પરમ દિવસ તારીખ ૨૬-૨-૨૦૨૬ ના રોજ મોડી સાંજે સાતેક વાગ્યાના સુમારે બચકરીયા ગામના માળી ફળિયામાં રહેતા યોગેશભાઈ કલુભાઈ ડામોર સુખસર ગામે સંતરામપુર રોડ પર આવેલ કિશોર ઓર્થોપેડિક હોસ્પિટલ નજીક રોડ પર ઉભો હતો તે વખતે સુખસર ગામના પૈયેશ ઉર્ફે કાળુ મુકેશભાઈ વળવાઈ, બચકરીયા ગામના દિલીપ ભગા ભાઈ ડામોર, કિરીટ ભલજીભાઈ ડામોર, અંબાલાલ મગનભાઈ ડામોર, કોદરભાઈ કલાભાઈ ડામોર તથા ખાખરીયા ગામના પંકજભાઈ કનુભાઈ ડામોર વગેરે ગત ગ્રામ પંચાયતની ચૂંટણીની અદાવત રાખી પૂર્વ આયોજિત કાવતરું ઘડી મારેક હથિયારો સાથે કાળા કલરની નંબર વગરની જૈકં ડિઝાયર ગાડી તથા મોટરસાયકલ લઈને કિશોર ઓર્થોપેડિક હોસ્પિટલ પાસે રોડ પર આવ્યા હતા, અને ત્યાં ઉભેલ યોગેશભાઈ કલુભાઈ ડામોરને પૈયેશ ઉર્ફે કાળુ મુકેશભાઈ વળવાઈએ ડાબા હાથની કોણી પર તેમજ જમણા હાથે લોખંડની પાઈપ મારી ઈજાઓ કરી, 'તને આજે મારી નાખવાનો છે તારા ખિસ્સામાંથી પૈસા કાઢી, નહીં તો તને જીવતો છોડીશ નહીં' તેમ કહી યોગેશભાઈ ડામોરના બુશર્ટના ખિસ્સામાંથી બળજબરી પૂર્વક રૂપિયા ૨૭૦૦/-ની રોકડ કાઢી લીધી હતી જ્યારે બાકીનાઓએ યોગેશભાઈ ડામોરને લાકડીયુ તથા ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી ધીંગાણું મચાવ્યું હતું.

### નસવાડીના બગલીયા ગામે એલસીબીએ રૂ.12 લાખથી વધુનો દારૂ ઝડપ્યો

નસવાડી : નસવાડી તાલુકાના બગલીયા ગામે એક કરિયાણા ની દુકાન માં ઈંગ્લિશ દારૂ વેચાતો હોવાની બાતમી છોટાઉદેપુર એલસીબી પોલીસ ને મળતા તેઓ બાગલિયા ગામે રહેતા દુર્સિંગભાઈ તેલિયાભાઈ ના મકાન માં અને દુકાન માં રેડ કરતા મકાન અને દુકાન માંથી મોટી સંખ્યા માં ઈંગ્લિશ દારૂ મળી આવતા છોટાઉદેપુર એલસીબી પોલીસ પણ ચોકી ઉઠી હતી અલગ અલગ જગ્યાઓ ઉપર ઘર માં અને દુકાન માં દારૂ મૂકવામાં આવેલો હતો ખુલ્લે આમ દારૂ નું વેચાણ થતું હતું જ્યારે આટલી મોટી માત્રા માં દારૂ પકડાતા છોટાઉદેપુર એલસીબી પોલીસે દારૂ ના જથ્થા સાથે દુર્સિંગભાઈ તેલિયાભાઈ ના નામે ગુન્હો નોંધાવી અને નસવાડી પોલીસ ને તપાસ સોંપી હતી હાલ તો આરોપી ફરાર છે જેને ઝડપી લેવા તજવીજ હાથ ધરાઈ છે.

# ગોધરાના નાની વટલાવ ગામે ખેતરમાં સાપ કરડતા ખેડૂતનું મોત


**ખેતરના** શેઢામાં કામ કરતા હતા અને અચાનક સાપ નીકળ્યો



(પ્રતિનિધિ) ગોધરા, તા.28 ગોધરા તાલુકાના નાની વટલાવ ગામે ખેતરમાં સાપ કરડતા ૪૫ વર્ષીય ખેડૂતનું કરુણ મોત નિપજ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ નાની વટલાવ ગામના ગુલાબસિંહ ઉદેસિંહ પરમાર (ઉંમર ૪૫) શનિવારે સવારે આશરે ૮:૩૦ થી ૯:૩૦ દરમિયાન ઘર નજીક આવેલા પોતાના ખેતરમાં લાકડા લેવા ગયા હતા. ખેતરના શેઢા પાસે ઘાસમાંથી અચાનક સાપે કરડતા તેઓ તાત્કાલિક ઘરે પરત આવ્યા હતા અને પરિવારજનોને ઘટનાની જાણ કરી પાણી માંગ્યું હતું. થોડું પાણી પીધા બાદ તેમની તબિયત લથડી જતાં બેભાન હાલતમાં તેમને દવાખાને ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ ખાતે ફરજ પરના ડૉક્ટરે તપાસ કર્યા બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર બનાવ અંગે મૃતકના પુત્ર નરેન્દ્રકુમાર ગુલાબસિંહ પરમારે વેજલપુર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે બીએનએસ કલમ ૧૯૪ મુજબ એડી નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડૂતના આકસ્મિક અને અણધાર્યા મોતને પગલે તેમના પરિવારના સભ્યોમાં દુઃખની લાગણી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

# કાલોલ બસ સ્ટેશનમાં સુરક્ષા રામભરોસે : બંધ સીસીટીવી કેમેરાથી મુસાફરોમાં ભયનો માહોલ



(પ્રતિનિધિ) કાલોલ, તા.28 પંચમહાલ જિલ્લાના મહત્વના ગણાતા કાલોલ બસ સ્ટેશનમાં મુસાફરોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા લાંબા સમયથી બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે. ટેકનોલોજીના યુગમાં ગુનાખોરીને કાબૂમાં લેવા સીસીટીવી અનિવાર્ય સાધન ગણાય છે, ત્યારે અહીં કેમેરા માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહ્યા છે. બસ સ્ટેશનના પ્રવેશદ્વાર અને વિવિધ પ્લેટફોર્મ પર લગાવવામાં આવેલા કેમેરા કાર્યરત ન હોવાથી ખિસ્સાકાતરુઓ અને અસામાજિક તત્વોને મોકળું મેદાન મળી ગયું છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં એસ.ટી. નિગમના સત્તાધીશો દ્વારા કેમેરાની મરામત અંગે યોગ્ય પગલાં લેવાયા નથી એવી ફરિયાદો ઉઠી રહી છે. રાત્રિના સમયે બસની રાહ જોતા મુસાફરો–ખાસ કરીને મહિલાઓ અને વિદ્યાર્થીઓ–પોતાની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. "જો કોઈ અઘટિત ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે?" એવો સવાલ સ્થાનિક મુસાફરો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. સ્થાનિક જાગૃત નાગરિકોની માંગ છે કે ઉચ્ચ કક્ષાએથી સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવે અને તાત્કાલિક તમામ સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવે, જેથી મુસાફરો નિર્ભય બની મુસાફરી કરી શકે. વ્યસ્ત બસ સ્ટેશનમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવી તંત્ર માટે અતિ આવશ્યક બની છે

## જાહેર નોટીસ

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સીંગવડની કોર્ટમાં,**

**કેસ નં. 34/2026** **તા.02/02/2026**

**અરજદાર-** પારગી શંકરભાઈ ગનાભાઈ રહે.મેથાણ,તા.સીંગવડ,જી.દાહોદ

વિરુધ્ધ **સામાવાળા:-** તલાટી કમ મંત્રીશ્રી મેથાણ,તા. સીંગવડ,જી.દાહોદ

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદાર પારગી શંકરભાઈ ગનાભાઈ ના તેમના માતા નામે પારગી મણીબેન ગનાભાઈ નું/નો મરણ તા.05/05/2017 ના રોજ મુ.મેથાણ,તા. સીંગવડ,જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના માતા નુ મરણ થયેલ ત્યારે મરણ ની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મેથાણ, તા.સીંગવડ, જી.દાહોદના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના માતા ના મરણના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦(ત્રીસ)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ 19 મી માહે ફેબ્રુઆરી સને.2026, ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સીંગવડ